### સ્માર્ટ સિટી વડોદરાનું ‘અણઘડ’ આયોજન : તંત્ર પર ભરોસો નહીં રહીશો તરાપા ખરીદીમાં વ્યસ્ત

# ભાયલી ગામમાં કાંસ આફત બની, આક્રોશ

## કાંસમાં સાત ફૂટ ગટરના ગંદા પાણીથી રોગચાળાનો કાળો કેર



(પ્રતિનિધિ) વડોદરા તા.20 સ્માર્ટ સિટી વડોદરાને પ્રગતિશીલ બનાવવાના તંત્રના દાવાઓ વચ્ચે વડોદરા મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. વડોદરા શહેરમાં સમાવિષ્ટ થયેલા ભાયલી ગામમાં કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી વરસાદી કાંસ સ્થાનિક ગ્રામજનો માટે સુવિધાને બદલે મોટી આફત સાબિત થઈ રહી છે. ચોમાસાની શરૂઆત થતાં જ આ કાંસના કારણે સમગ્ર વિસ્તારમાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે, જેને પગલે તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. ભાયલી ગામના સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, તંત્રના જવાબદાર અ ધિકારીઓ અને ઈજનેરોએ ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કર્યા વિના જ આ કાંસનું નિર્માણ કર્યું છે. આ વરસાદી કાંસ ગામની જમીનના કુદરતી સ્તર કરતાં પણ વધારે ઊંચી બનાવવામાં આવી છે. આ ક્ષતિપૂર્ણ આયોજનના કારણે ગામનું વરસાદી પાણી કાંસમાં જવાને બદલે ઊલટાનું કાંસમાં ભરાયેલું પાણી ગામ તરફ અને લોકોના ઘરો તરફ બેક મારે તેવી ભીતિ સર્જાઈ છે. સ્થાનિકોએ ભારે આક્રોશ સાથે અધિકારીઓની બુદ્ધિ ક્ષમતા અને આયોજન પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રોગચાળાનો ભારે ભય હાલમાં આ વરસાદી કાંસમાં સાત ફૂટથી વધુ ગટરનું ગંદુ પાણી ભરાયેલું જોવા મળી રહ્યું છે. તંત્ર દ્વારા કાંસમાં ઠેર-ઠેર કાણાં પાડવામાં આવ્યા હોવાથી આ ગંદુ પાણી લીક થઈને આસપાસના રહેણાંક વિસ્તારોમાં ફરી વળ્યું છે. પશ્ચિમ વડોદરાના વિવિધ વિસ્તારોનું ગંદુ અને દુર્ગંધ મારતું પાણી આ કાંસમાં વહી રહ્યું હોવાથી સ્થાનિક રહીશો, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધો શ્વાસની બીમારીઓ તેમજ ઝાડા-ઊલટી અને તાવ જેવા રોગચાળાનો ભોગ બની રહ્યા છે. સ્થાનિક મહિલાઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તંત્રના આરોગ્ય વિભાગના અધિકારીઓ માત્ર આંટો મારીને જતા રહે છે, પરંતુ આ ગંદકીના કાયમી નિકાલ માટે કોઈ નક્કર પગલાં લેવાતા નથી. ભાયલી ગામનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થતાં પહેલાં લોકો શાંતિપૂર્ણ ગ્રામ્ય જીવન જીવતા હતા. પરંતુ કરોડોની ગ્રાન્ટના નામે થયેલા આ અણઘડ કામકાજથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનિક આગેવાનોનું કહેવું છે કે આ સરકાર જે વિકાસના બણગાં ફૂંકે છે તે વાસ્તવમાં વિકાસ નથી પણ વિનાશ તરફની ગતિ છે. જો આગામી દિવસોમાં ૨ થી ૪ ઇંચ જેટલો પણ ભારે વરસાદ પડશે, તો કાંસના કારણે સમગ્ર ભાયલી ગામ પાણીમાં ગરકાવ થઈ જશે.

### બાપોદ પોલીસ સ્ટેશન, વોર્ડ કચેરી અને ટાઉન પ્લાનિંગમાં લેખિત રજૂઆત

# બનિયાન સિટી એપાર્ટમેન્ટમાં દુકાનદાર દ્વારા ગેરકાયદે બાંધકામ કરાતા રોષ

**ગેરકાયદે બાંધકામના** પગલે ચોરોને મોકળુ મેદાન મળતાં રહીશોમાં ફફડાટ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં ખોડિયાર નગર ડી માર્ટની પાછળના ભાગમાં દુકાનદાર દ્વારા દસ્તાવેજનું મનઘડંત અર્થઘટન કરીને કોર્પોરેશનના નિયમોને તાક પર મૂકી ગેરકાયદેસર બાંધકામ કરતાં એપાર્ટમેન્ટના રહીશો દ્વારા વડોદરા કોર્પોરેશનમાં મ્યુનિ. કમિશનર, વોર્ડ ઓફિસ 4માં એક લેખિત રજૂઆત કરી હતી.

મળતી માહિતી અનુસાર ખોડિયાનગર ડીમાર્ટ પાછળ બનિયાન સિટી એપાર્ટમેન્ટમાં લોજિસ્ટીકના દુકાનદાર દ્વારા તમામ કાયદાને તાક પર મૂકીને કોઈપણ પરવાનગી વિના તેમજ નકશામાં કોઈપણ પ્રકારના શૌચાલયનું સ્થળ દર્શાવવામાં આવ્યું ન હોવા છતાં દસ્તાવેજનું મનઘડંત અર્થઘટન કરીને ગેરકાયદેસર રીતે શૌચાલયનું બાંધકામ શરૂ કરી દેતા એપાર્ટમેન્ટના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આજરોજ બનિયાન સિટીના રહીશો દ્વારા બાપોદ પોલીસ સ્ટેશન, વોર્ડ ચારની કચેરી તેમજ વડોદરા કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગમાં રજૂઆત કરાઈ હતી. તંત્ર દ્વારા આગામી સમયમાં યોગ્ય પગલા નહીં ભરાય તો રહીશો દ્વારા મોરચો કાઢવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. રહીશોનું કહેવુ છે ગેરકાયદે થયેલા આ બાંધકામના કારણે મકાનોમાં ચોર સહેલાઈથી ચોરીને અંજામ આપશે તો આનો જવાબદાર કોણ ?

### મંડળ રેલ પ્રબંધકે કામનું સ્થળ નિરીક્ષણ કર્યું

# રેલવે સ્ટેશને રિમોડેલિંગ-ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળ દ્વારા વડોદરા સ્ટેશનના યાર્ડ રિમોડેલિંગ અને ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ વરિષ્ઠ અધિકારીઓ સાથે કામનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. પ્રોજેક્ટ હેઠળ વડોદરા સ્ટેશનની જૂની પેનલ સિસ્ટમને આધુનિક વિડીયુ સિસ્ટમથી બદલવામાં આવશે, જેનાથી ટ્રેન સંચાલન વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. સુરક્ષા વધારવા જટિલ ડબલ સ્લિપ ડાયમંડ ક્રોસિંગ હટાવવામાં આવશે. પ્લેટફોર્મ નંબર 4 અને 5 ની લંબાઈ વધારી 22 એલએચબી કોચવાળી ટ્રેનો માટે સક્ષમ બનાવાશે, જેથી યાત્રીઓની ચઢ-ઉતરની સુવિધા વધશે. પ્લેટફોર્મ 5 અને 6 ને મુખ્ય લાઈન સાથે સીધા જોડાતા ટ્રેનની ઝડપ 10 કિમીથી વધીને 30 કિમી પ્રતિ કલાક થશે. લૂપ લાઈન 4 અને 5 પર પણ ઝડપ 10 થી વધારી 15 કિમી પ્રતિ કલાક



કરાશે. ટ્રેનોના પાર્કિંગ અને જાળવણી માટે 350 મીટર લાંબી નવી સ્ટેબલિંગ લાઈન અને આધુનિક સ્ટેશન માસ્ટર ઓફિસ પણ બનાવાશે. મલ્ટીમોડલ કનેક્ટિવિટી માટે NHSRCL દ્વારા 15 કરોડના ખર્ચે હાઈસ્પીડ રેલ સ્ટેશન પાસે નવો પ્લેટફોર્મ નંબર 7 બનાવાશે. તેને ટ્રાવેલેટરથી વડોદરા સ્ટેશન સાથે જોડાશે. આ કામ માટે ટેન્ડર 23 જુલાઈ 2026ના રોજ ખુલશે. પ્લેટફોર્મ પર શેલ્ટર, પાણી, પ્રતીક્ષાલય, શૌચાલય અને ટિકિટ કાઉન્ટર જેવી સુવિધાઓ હશે. રાજુ ભડકેએ જણાવ્યું કે આ વિકાસથી વડોદરા સ્ટેશનની ક્ષમતા, સુરક્ષા અને યાત્રી સુવિધાઓમાં મોટો સુધારો થશે.

# દંતેશ્વરમાં અગમ્ય કારણોસર યુવાને ફિનાઈલ પીધું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ દંતેશ્વર રોડ પર આવેલા ઝવેરનગરમાં ૪૨ વર્ષીય આયર્ન કનુભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. ગત રાત્રે આશરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં આયર્નભાઈ બહારથી પોતાના ઘરે પરત ફર્યા હતા. ઘરે આવ્યા ત્યારે તેઓ કોઈ ગંભીર ચિંતા અથવા અગમ્ય કારણોસર ભારે તનાવગ્રસ્ત જણાતા હતા. માનસિક સંતુલન ગુમાવી બેસેલા આયર્નભાઈએ ઘરમાં જ મૂકેલી ફિનાઈલની બોટલ ઉઠાવી તેના ઘૂંટડા પી લીધા હતા. ફિનાઈલ પેટમાં જતાં જ ગણતરીની મિનિટોમાં તેમને અસહ્ય બળતરા સાથે ઉલટીઓ થવા લાગી હતી.પરિવારે તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. હાલ તબીબોના જણાવ્યા અનુસાર યુવાનની તબિયત સ્થિર અને ભયમુક્ત છે. મકરપુરા પોલીસે હોસ્પિટલ પહોંચી યુવાનના પરિવારના નિવેદનો નોંધીને આત્મહત્યાના પ્રયાસ પાછળનું અસલી કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

### રોકડ અને દાગીના બાંધેલી પોટલીનો રૂમાલ ખોલી જતા પથ્થર નીકળ્યા

# મહિલાને બેભાન કર્યા બાદ રોકડ અને સોનાની બુટ્ટી બે શખ્સોએ કાઢી લીધા

**ભાયલીમાં રહેતી** મહિલાને વાતોમા ભેળવ્યા બાદ ઘેન યુક્ત પદાર્થ સુઘાડી ખેલ પાડ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 ભાયલી વિસ્તારમાં ઘરકામ કરતી મહિલાને મદદ માંગવાના બહાને બે શખ્સોએ વિશ્વાસમાં લઈ ઘેનયુક્ત પદાર્થ સુઘાડ્યો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મહિલાના રૂ.9 હજાર રોકડા અને અંદાજે રૂ.60 હજાર કિંમતની સોનાની બુટ્ટી મળી રૂ.69 હજારની માલમત્તા સેરવી બંને ઠગ ફરાર થઈ ગયા હતા. ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. ભાયલી સ્થિત અર્બન રેસીડેન્સી-4માં રહેતા અને ઘરકામ તેમજ રસોઈનું કામ કરતા વિલાસબેન માધવસિંહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ શુક્રવારે સવારે એક ફ્લેટમાં રસોઈનું કામ પૂર્ણ કરીને અન્ય સ્થળે કામે જવા નીકળ્યા હતા. તે દરમિયાન તેમને પગાર પેટે રૂ.9 હજાર મળ્યા હતા. સપથ ફ્લેટ તરફ જતા દર્શનમ સ્પ્લેન્ડોરા નજીક સફેદ કપડાં પહેરેલી એક યુવતી તેમની પાસે આવી હતી. યુવતીએ સુરત જવાનું હોવાનું અને નોકરીમાંથી કાઢી મૂકતાં પગાર ન મળ્યાની વાત કહી મદદ માગી હતી. વિલાસબેને માનવતાના ધોરણે રૂ.500 આપવા પ્રયાસ કર્યો હતો. જોકે યુવતીએ નોટ ખોટી તો નથી ને તે જોવા માટે અન્ય નોટો પણ બતાવવા કહ્યું હતું. મહિલાએ પૈસા બહાર કાઢતા જ પીળા ચેક્સ શર્ટ પહેરેલો એક યુવક ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણે મહિલાના હાથમાંથી પૈસા લઈ લીધા હતા. ત્યારબાદ બંને શખ્સોએ મહિલાને કોઈ અજાણ્યો પદાર્થ સુઘાડ્યો હોવાનું જણાવાયું છે. જેના કારણે તેઓ ભાન ગુમાવી બેઠા હતા. આ દરમિયાન મહિલાના કાનમાં પહેરેલી અડધા તોલાની સોનાની બુટ્ટી ઉતરાવી રૂમાલમાં મૂકાવવામાં આવી હતી.

થોડા સમય બાદ મહિલાને એ જ રૂમાલ પરત આપવામાં આવ્યો હતો. જોકે ભાનમાં આવ્યા બાદ મહિલાને શંકા જતાં તેમણે રૂમાલ ખોલીને તપાસ કરતા તેમાં પૈસા અને સોનાની બુટ્ટીના બદલે પથ્થર નીકળ્યા હતા. આ બનાવમાં ઠગોએ રૂ.9 હજાર રોકડા અને અંદાજે રૂ.60 હજારની સોનાની બુટ્ટી મળી કુલ રૂ.69 હજારની માલમત્તા સેરવી લીધી હોવાનું બહાર આવ્યું હતું. મહિલાએ આસપાસના લોકોની મદદથી પોલીસનો સંપર્ક કરતાં ગોત્રી પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

### વેપારી પાસેથી રૂ.50 હજારની ખંડણી માંગ્યાનો આક્ષેપ

# સોશિયલ મીડિયા પર બદનામ કરવાની ધમકી આપતા ફરિયાદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 વડોદરાના મદન ઝાંપા રોડ ખાતે સાયકલની દુકાન તેમજ હજ-ઉમરાહ સંબંધિત સેવા ચલાવતા ઈસ્માઈલ મોહમદહુસેન તૈયડીવાલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, 14 જૂનના રોજ ફેસબુક પર તેમના નામનો ઉલ્લેખ કરીને એક પોસ્ટ કરવામાં આવી હતી. જેમાં “ પાણીગેટ નગીના મસ્જીદ પાણીગેટ અસ્મ સંગામઅલયકુમ બરોડા શહેર કે ભાઈઓ અભી હાલ મે જો ચુટણી હુઈથી ઉસકે ચલતે રાજકીય દાવપેચ મે એક ઈમામ સાહબ કી નોક રી ભી ગઇ ઔર સાથે મે દો દીન કી જેલ ઔર ૧૫૧ કી ભેટ નગીના મસ્જીદ કે એક ટ્રસ્ટી સાજીદ મોતીલાલ જો AIAIM કે કાર્યકર્તાકી તરફ સે ઈમામ સાહબ કો હકબાત બોલને પર દી ગઈ હૈ, ઔર સાથે મે ફોન પર ધમકીયા ગલત અલ ફાઝ સુનાય વો તો અલગ અબ ભાઈઓ મેઈન બાત કયા હૈ ? લોકચર્ચા કે મુજબ મોતીલાલા કે પીછે પીઠબલ કીસકા ? મોતીલાલા કે જરીયે સબ કાવતરા કરને વાલા કયા હાફીઝ ઈસ્માઈલ હે ? કયા યે વોહી હાફીઝ ઈસ્માઈલ હૈ જીસને કઈ હાજીઓ કે હજ કે લાખો રૂપીયે ખાને વાલા કૌભાંડી હે ? 17 જૂનના રોજ તેઓ કાગદીવાડ મસ્જિદ ખાતે નમાજ અદા કરવા ગયા હતા ત્યારે આરીફ કાદરી સૈયદ અને તેનો મિત્ર સદામ હુસૈન ઉર્ફે લગડો યુસુફ શેખ મળ્યા હતા. બંનેએ અગાઉ કરવામાં આવેલી સોશિયલ મીડિયા પોસ્ટનો ઉલ્લેખ કરી વધુ પોસ્ટો વાયરલ કરવાની ધમકી આપી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે બંને શખ્સોએ બદનામી અટકાવવા માટે રૂ.50 હજારની માંગણી કરી હતી. રૂપિયા નહીં આપવામાં આવે તો સોશિયલ મીડિયા પર વધુ પોસ્ટો મૂકીને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત ગાળાગાળી કરી માનસિક ત્રાસ પણ આપવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### સમાન અધિકારના સંદેશ સાથે હેરિટેજ રૂટ પર યાત્રાનું આયોજન

# કમાટીબાગ ગેટથી પાંચ કિલોમીટરની LGBTQAI+ પ્રાઈડ પરેડ યોજાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 ક્વીયર સમુદાયના ગૌરવ, સમાનતા અને અધિકારોના સમર્થનમાં આજે સાંજે 5 વાગ્યે વડોદરામાં પ્રાઈડ પરેડ યોજાઈ હતી. મહારાણી ચિમણાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય, લક્ષ્ય ટ્રસ્ટ અને વિકલ્પ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આ પરેડનું આયોજન કરાયું હતું. પરેડની શરૂઆત કમાટીબાગના ગેટ નંબર 3 થી થઈ હતી. આરાધના સિનેમા રસ્તે થઈને પરેડ મહારાણી ચિમણાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય ખાતે સમાપન થઈ હતી. આ 5 કિલોમીટર લાંબો રૂટ શહેરના જાહેર સ્થળો, જાણીતા પાર્ક, સિનેમાઘરો, તળાવ અને અન્ય હેરિટેજ સ્થળોને આવરી લઈને નક્કી કરાયો હતો. આયોજકોના જણાવ્યા મુજબ, આ રૂટ એક સમયે ક્વીયર સમુદાય માટે ખૂબ જ વિશેષ મહત્વ ધરાવતા સ્થળો પરથી પસાર



થાય છે, જે ડિજિટલ દુનિયા કે સોશિયલ મીડિયાની ગેરહાજરીમાં ગેધરિંગ પોઈન્ટ હતા. કમાટીબાગ વર્ષોથી દરેક લોકો માટે ગેધરિંગ પોઈન્ટ બન્યો હોવાથી ત્યાંથી પરેડ શરૂ કરાઈ હતી. આયોજનનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં દરેક વ્યક્તિને આદર મળે, ભેદભાવ દૂર થાય અને સૌને સમાન અધિકાર મળે તેવો સંદેશ આપવાનો હતો. ન્યાયમંદિર સહિતના હેરિટેજને જોડીને આ વર્ષે પ્રાઈડ પરેડ યોજાઈ હતી. ઉલ્લેખનિ છે કે, આ પરેડમાં રાજપીપળાના યુવરાજ માનવેન્દ્રસિંહ પણ જોડાયા હતાં.

### ચોમાસા પહેલાં ઉગ્ર આંદોલનની ચીમકી

# વેમાલી ગામમાં પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯ સ્માર્ટ સિટી વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરાયેલા વેમાલી ગામના રહીશો આજે પણ પાયાની સુવિધાઓથી વંચિત રહીને નરકાગાર જેવી સ્થિતિમાં જીવી રહ્યા છે. સામાજીક કાર્યકર કમલેશ પરમાર દ્વારા સ્થાનિક રહીશો વતી વહીવટી તંત્રને એક લેખિત રજૂઆત કરીને તંત્રની આંખો ખોલવાનો પ્રયાસ કરાયો છે. અરજીમાં જણાવ્યા મુજબ, જ્યારે વડોદરા કોર્પોરેશનમાં વેમાલી ગામનો સમાવેશ કરાયો છે, ત્યારથી રહીશો નિયમિતપણે પ્રોપર્ટી ટેક્સ સહિતના તમામ વેરા ચૂકવે છે. આમ છતાં, આ વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા છે. સમગ્ર વિસ્તારમાં બોરિંગનું પાણી ૧૫૦૦ થી ૨૦૦૦ TDS વાળું, અત્યંત ક્ષારયુક્ત અને દૂષિત આવી રહ્યું છે. પાણીની લાઈનનું આયોજન નબળું



હોવાથી લોકોને દર મહિને લાખો રૂપિયા ખર્ચીને પ્રાઈવેટ ટેન્કરો અને પાણીના જગ મગાવવા પડે છે. સ્માર્ટ સિટીના નામે કરદાતા પ્રજા સાથે આ ક્રૂર મજાક સમાન છે. બીજી તરફ, ગામમાં પ્રોપર ડ્રેનેજ લાઇનનું કનેક્શન ન હોવાથી મુખ્ય રસ્તાઓ અને કોમ્યુનિટી હોલની આસપાસ ગંદા પાણી ભરાયેલા રહે છે.

ગટરના મળમૂત્ર વાળા પાણી રસ્તા પર ઉભરાતા હોવાથી અસહ્ય દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ અતિશય વધી ગયો છે.

### શાખા ઇન્ચાર્જ સહિત ચાર કર્મચારીઓ જ નીકળ્યા ચોર

# સેડોફેક્સ કંપનીમાં રૂ.૫.૫૭ લાખના કુરિયર પાર્સલની ચોરીનો પર્દાફાશ

**CCTV** અને ટ્રાન્ઝેક્શનની તપાસમાં કૌભાંડ ખુલ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.20 વડોદરામાં કાર્યરત સેડોફેક્સ કુરિયર કંપનીમાં અંદાજે રૂ.5.57 લાખના કુરિયર પાર્સલોની ચોરીનો પર્દાફાશ થયો છે. કંપનીના આંતરિક તપાસ દરમિયાન શાખા ઇન્ચાર્જ સહિત ચાર કર્મચારીઓની સંડોવણી સામે આવતા કંપનીના એરિયા મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તરસાલી વિસ્તારમાં રહેતા અને સેડોફેક્સ કંપનીના વડોદરા તથા આસપાસના વિસ્તારોના એરિયા મેનેજર કૃણાલ લક્ષ્મણભાઈ નાગર માંજલપુર, અકોટા, છાણી, વાઘોડિયા અને અટલાદરા એમ પાંચ શાખાઓ કાર્યરત છે. સુરત સ્થિત મુખ્ય કચેરીમાંથી મળેલી જાણકારી મુજબ અકોટા અને અટલાદરા શાખાના કુરિયર પાર્સલો સતત ગુમ થતા હોવાનું સામે આવ્યું હતું. કંપની દ્વારા CCTV ફૂટેજની તપાસ કરતાં માંજલપુર શાખાના કર્મચારીઓ રાજેશ સપકાલ અને રોશન માલુસરે કન્ટેનરમાંથી ઉતારેલી કુરિયર બેગો પોતાની એક્ટિવામાં લઈ જતા દેખાયા હતા. ત્યારબાદ ગુમ થયેલા પાર્સલો અંગે ગ્રાહકોનો સંપર્ક કરતાં કેટલાક પાર્સલ ડિલિવર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

ઓનલાઈન પેમેન્ટની તપાસમાં રકમ કંપનીના કર્મચારી દેવાંગ ઠાકોરના ખાતામાં જમા થઈ હોવાનું બહાર આવ્યું હતું. કંપનીના અધિકારીઓએ પૂછપરછ કરતાં રાજેશ સપકાલ, દેવાંગ ઠાકોર અને રોશન માલુસરેએ માંજલપુર શાખાના ઇન્ચાર્જ અંકિત કીચનના કહેવાથી પાર્સલોની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

કેશ ઓન ડિલિવરી (COD) પાર્સલો ગ્રાહકોને પહોંચાડી તેમાંથી મળતી રકમ અંકિત કીચનને આપવામાં આવતી હોવાનું પણ જણાવ્યું હતું. તા.13 ફેબ્રુઆરીથી 7 જૂન 2026 દરમિયાન રૂ.5.57 લાખના કુરિયર પાર્સલોની ચોરી કરવામાં આવી હતી. સમગ્ર કૌભાંડ સામે આવતા કંપનીએ અંકિત અનિલકુમાર કીચન, રાજેશ સંતોષ સપકાલ, દેવાંગ તુલસીદાસ ઠાકોર અને રોશન ભાઉસાહેબ માલુસરે સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# EME કેમ્પસમાં પાણી પીવા ગયેલા યુવકનું મોત, પરિવારજનોની શોધખોળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ ઈ.એમ.ઈ. કેમ્પસમાં વજુભાઈ નામનો યુવક ગત તા. ૦૧-૦૬-૨૦૨૬ના રોજ પાણી પીવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક તેમના મોઢાના ભાગે કોઈ ફોડકી (કે ગુમડું) ફૂટી જતાં તેમની તબિયત લથડી હતી. જેથી તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગત તા. ૦૭-૦૬-૨૦૨૬ના રોજ સાંજના આશરે ૪:૩૦ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલના સત્તાધીશો દ્વારા આ અંગે ફતેગંજ પોલીસને જાણ કરાતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક યુવકની ઓળખ વજુ ભીલ તરીકે થઈ છે, પરંતુ તેમના ચોક્કસ સરનામા કે પરિવાર અંગે હજી સુધી કોઈ ભાળ મળી નથી.

### AGSUની રજિસ્ટ્રારને રજૂઆત કરી યોગ્ય અધિકારીઓની નિમણુંક કરવા માગ

# MSUમાં સ્કિલ ડેવલપમેન્ટ કોર્સની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને હેરાનગતિ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સ્કિલ ડેવલપમેન્ટ માટે ચાલતા શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ કોર્સની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન ન મળતું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન દ્વારા આ મામલે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કે.એમ. ચુડાસમાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ માટે 40થી વધુ શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ કોર્સ ચલાવવામાં આવે છે. હાલ આ કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે, જેની જવાબદારી શિલ્પા કાપડિયા તથા અજય અષ્ટપુત્રને સોંપવામાં આવી છે.

એજીએસયુના ફેકલ્ટી રિપ્રેઝન્ટેટિવ



પંકજ એમ. જયસ્વાલે રજૂઆતમાં આક્ષેપ કર્યો કે, જ્યારે વિદ્યાર્થીઓ એડમિશન માટે ઓફિસે જાય છે ત્યારે આ બે અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવતું નથી. વિદ્યાર્થીઓને ઓફિસમાંથી કાઢી મૂકવામાં આવે છે જેના કારણે તેઓ એડમિશન લઈ શકતા નથી અને સ્કિલ ડેવલપમેન્ટની તક ગુમાવી રહ્યા છે.

એજીએસયુ દ્વારા માંગ કરવામાં આવી છે કે આ બે અધિકારીઓને કોર્સની કામગીરીમાંથી તાત્કાલિક દૂર કરી યુનિવર્સિટીના અન્ય જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવામાં આવે. જેથી વિદ્યાર્થીઓને સચોટ માહિતી અને સમયસર માર્ગદર્શન મળી શકે.

# માંજલપુર સાઈ ચોકડી પાસે ચાલુ કાર સળગી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 માંજલપુર સાંઈ ચોકડી પાસે ચાલુ કારમાંથી અચાનક ધુમાડો નીકળ્યા બાદ જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આખી કાર થોડી જ મિનિટોમાં આગની લપેટમાં આવી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી, પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે. ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

### સિંધવાઈ માતા રોડ પર નજીવી બાબતે ધિંગાણુ

# પંજાબી પરિવારો વચ્ચે જૂથ અથડામણ તલવાર, બેટ તેમજ દંડાથી મારામારી

**ઘણા શખસોને** ઇજા પહોંચી, વાહનોમાં તોડફોડથી રૂ.1.15 લાખ ઉપરાંતનું નુકસાન

**પોલીસે 11 થી** વધુ લોકો સામે ગુનો નોધ્યો

વડોદરા તા.20 મકરપુરા વિસ્તારમાં સિંધવાઈ માતા રોડ નજીક બે પંજાબી પરિવારો વચ્ચે થયેલી જૂથ અથડામણ થતા તલવાર, બેટ અને લાકડાના દંડા વડે સિમસામે હુમલો કરાયો હતો. જેમા ઘણા લોકોને ઈજાઓ પહોંચી હતી. જ્યારે વાહનોમાં તોડફોડ કરીને લાખો રૂપિયાનું નુકસાન કરવામાં આવ્યું હતુ. બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધાતા પોલીસે 11 થી વધુ લોકો સામે ગુનો નોધ્યો છે. મકરપુરા વિસ્તારમા સરદાર સોસાયટીના રહેવાસી રણજીતસિંગ દિલપાલસિંગ પંજાબીએ મહાનગર વિસ્તારમાં રહેતા કિશનસિંગ પંજાબીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર આરોપીઓએ સરદાર સોસાયટી વિસ્તારમાં આવી ગાળાગાળી કરી ઝઘડો શરૂ કર્યો હતો.

ત્યારબાદ તલવાર, બેટ અને દંડા વડે હુમલો કરીને વિજયસિંગ, રવીસિંગ અને અન્ય લોકોને ઈજા પહોંચાડી હતી. હુમલાખોરોએ સોસાયટીમાં પાર્ક કરાયેલા અનેક કાર અને બાઈકોમાં તોડફોડ કરી આશરે રૂ.1.15 લાખનું નુકસાન પહોંચાડ્યું હતું. હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. બીજી તરફ કરણસિંગ શમશેરસિંગ પંજાબીની ફરિયાદના આધારે સરદાર સોસાયટીના શોકીસિંગ, બલિહારસિંગ, ડાલીસિંગ, રોહનસિંગ, રવિસિંગ અને રણજીતસિંગ સહિતના શખ્સો સામે પણ ગુનો નોંધાયો છે. મ રાત્રિના સમયે રણજીતસિંગને તેના ઘરે મુકવા જવાના મુદ્દે બોલાચાલી થયા બાદ ઝઘડો ઉગ્ર બન્યો હતો.

જેમાં તીક્ષ્ણ હથિયાર અને તલવાર વડે હુમલો કરતાં કરણસિંગ અને કિશનસિંગને માથા તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ટાંકા લેવા પડ્યા હતા. મકરપુરા પોલીસ દ્વારા બંને ફરિયાદોની નોંધ લઈ 11થી વધુ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હતી. હથિયારોના નગ્ન પ્રદર્શનને લઈ વિસ્તારમાં ખોફનો માહોલ જોવા મળ્યો હતો.